શહેરમાં સાઈન બોર્ડની ચોરી કરતી ગેંગ સક્રિય

આમ નાગરિકોને દિશાસુચન કરતા સાઇન બોર્ડ પણ તસ્કરીનો ભોગ બન્યા : જાહેર માર્ગો પર વળેલા અને તુટેલા સાઇન બોર્ડસના લીધે અતિથિ દેવોની ભાવનાને પણ ઠેસ પહોંચે છે : સાઇન બોર્ડની ઉઠાંતરી તંત્ર માટે પણ ચિંતાનો વિષય

ગાંધીનગર તા ૨૭

શહેરના માર્ગો પર લાખોના ખર્ચે વિવિધ પ્રકારના સાઇન બોર્ડ મુકવામાં આવ્યા છે. નગરની મુલાકાતે આવતા રાહદારીઓને યોગ્ય રાહ ચિંધતા સાઇન બોર્ડસ જ બેહાલ સ્થિતિમાં છે. દિશાસુચક બાર્ડસ તુટેલી અને વળેલી હાલતમાં જોવા મળે છે. જયારે કેટલાક ઠેકાણેથી સાઇનબોર્ડસની જ ઉઠાંતરી થઇ ગઇ છે. નગરના માર્ગો પર સેકટરો તેમજ અન્ય જોવાલાયક સ્થળો અને સરકારી કચેરીઓ સહીતની વિગતો દર્શાવતા બોર્ડસની ઉઠાંતરી કરતી ગેંગ સક્રીય થતા તંત્ર માટે શિરદર્દ વધ્યો છે. નગરના સેકટરોમાં સોલાર લાઇટના થાંભલાની બેટરી પણ અવારનવાર ચોરી થતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે સેકટરોમાં ઘરફોડ ચોરીનો આતંક યથાવત છે. નગરના એસ ટી ડેપોમાં પણ બસમાં બેસતા મુસાફરોના ખિસ્સા કપાય છે. ત્યારે હવે નગરના માર્ગો પર સ્ટ્રીટ લાઇટના બોર્ડસ પણ સલામત નથી. શહેરના માર્ગો પર વિવિધ સેકટરોનો ચિતાર દર્શાવતા બોર્ડસ ઠેર ઠેર મુકવામાં આવ્યા છે. મુખ્યમાર્ગો પર વાઇબ્રન્ટ સમિટ વેળાએ ગેન્ટ્રી પણ મુકવામાં આવી છે. જયારે સેકટરોમાં વિવિધ વિસ્તાર, સરકારી કચેરીઓ તેમજ માર્ગોના નવા નામાભિધાનના અંતે પણ ઠેર ઠેર નવા બોર્ડસ મુકવામાં આવ્યા છે. સેકટરો તેમજ મુખ્યમાર્ગો પર મુકાયેલા સાઇન બોર્ડસ પાછળ તંત્રએ લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છે. પરંતુ નગરના માર્ગો પર મુકવામાં આવેલા સાઇન બોર્ડસ પણ અદ્રશ્ય થઇ જાય છે. સાઇન બોર્ડસની ચોરી થઇ જાય છે. શહેરમાં સાઇન બોર્ડસની ઉઠાંતરી કરતી ગેંગ સક્રીય થઇ છે. સાઇન બોર્ડસની ઉઠાંતરી કરવા માટે ફ્રેમમાં ફીટ કરવામાં આવેલી પ્લેટ ઉઠાવી ગઠીયાઓ પલાયન થઇ જાય છે જયારે જાહેર માર્ગો પર મુકવામાં આવેલા સાઇન બોર્ડસની ઉઠાંતરી કરવા માટે ચોર ઇસમો નવો કીમિયો અપનાવતા હોવાનુ પણ મનાઇ રહ્યુ છે. ખેર એ જે હોય તે પણ શહેરના માર્ગો પર મુકવામાં આવેલા સાઇન બોર્ડસ પણ સલામત નથી. સાઇન બોર્ડસની ચોરી થતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે સમગ્ર મામલે દોષનો ટોપલો તંત્ર પર આવે છે. નગરના માર્ગો પર સી સી કેમેરાની વોચ છે. પરંતુ સેકટરોના રીગં રોડ તેમજ કેટલાક આંતરિક વિસ્તારમાં પણ સાઇન બોર્ડસની ઉઠાતરી થાય છે. કેટલીક જગ્યાએ સાઇન બોર્ડસને વાળીને તોડી નાંખવામાં આવે છે. આવા સંજોગોમાં સાઇન બોર્ડસને નુકશાન પહોંચાડતા તેમજ ચોરી કરતા તત્વોને રોકવા અસરકારક પગલા અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નગરજનોને રાહ ચિંધતા સાઇન બોર્ડસને કેટલાક ઠેકાણે ઉંધા વાળી દેવાયા છે. જેના લીધે રસ્તે જતા રાહદારીને દિશા સુઝતી નથી. શહેરમાં લાખોના ખર્ચે મુકાયેલા સાઇન બોર્ડસની દુર્દશાના લીધે અતિથિ દેવોની ભાવનાને પણ ઠેસ પહોંચે છે.

વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ

ગીફ્ટ સીટીમાં રોકાણકારોના કરોડો રૂપિયા લુંટવાનો કારસો

સંગાથ ઇન્ફ્રાસ્ટ્રકચરે રહેણાંકના મકાન આપવાનો વાયદો કરી કરોડો ઉઘરાવ્યા : પાંચ વર્ષના અંતે હજુ કામ પણ શરૂ થયુ નથી : રોકાણકારોની રજુઆત પણ કોઇ સાંભળતુ ન હોવાથી આઘાતની લાગણી : કંપનીને બ્લેક લીસ્ટ કરી મિલ્કત ટાંચમાં લેવા રજુઆત

ગાંધીનગર તા ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેકટ ગીફ્ટ સીટીમાં એક બિલ્ડરે રોકાણના નામે નિર્દોષ નાગરિકોને લુંટવાનો કારસો રચ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. બિલ્ડરના આ કારસામાં સિનિયર સિટીઝન્સ પણ ભોગ બન્યા હોવાનો રોષ પણ ભભુક્યો છે. સંગાથ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રાઇવેટ લીમિટેડ કંપનીએ ગીફ્ટ સીટીમાં રહેણાંક માટે મકાન આપવાનુ જણાંવી રોકાણકારોનો કરોડો રૂપિયા ઘરભેગા કરી દીધા હોવાની હકીકતો સામે આવી છે. જયારે રોકાણકારો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થઇ હોવાનો આઘાત અનુભવી રહ્યા છે.ત્યારે આ બિલ્ડરના કારસાનો ભોગ બનેલા રોકાણકારો લેભાગુ તત્વો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવો પ્રબળ આક્રોશ પણ વ્યકત કરી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે સમગ્ર વિશ્વમાં ગુજરાતને સિલિકોન વેલી ગીફ્ટ સીટીના નિર્માણ માટે ગાંધીનગર નજીક ૫૦૦ એકર જમીન ફાળવવામાં આવી હતી. જયારે હાલ પણ ગીફ્ટ સીટીમાં નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યુ છે. સુવિધાયુક્ત અને અદ્યતન આ વિસ્તારમાં અનેક કંપનીઓની ટેકનોક્રેટ ઓફિસો કાર્યરત થતા રોજગારીઓની પણ નવી તકો ઉભી થઇ છે. પરંતુ હાલ વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેકટમાં બિલ્ડર દ્વારા લુંટનો કારસો રચાયો હોવાની ગંભરી ફરિયાદ પણ ઉઠવા પામી છે. ગીફ્ટ સીટીમાં કામ કરતી સંગાથ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રાઇવેટ લીમિટેડ કંપનીએ તેનો પ્રોજેકટ વિશે મોટી મોટી વાતો કરી રોકાણકારોને ભોળવ્યા છે. એટલુ જ નહીં પરંતુ ગીફ્ટ સીટીના વહીવટકર્તાઓની આંખ સામે જ નિર્દોષ રોકાણકારોના કરોડો રૂપિયા ચાઉં કરી લેવાનો કારસો રચ્યો છે. જેના લીધે રોકાણકારો સાથે ખુલ્લી લુંટ થઇ હોવાનો આઘાત પણ અનુભવી રહ્યા છે. વડોદરાના વી આઇ પી રોડ પર રહેતા જે એસ

● અનુસંધાન પાન-૭ પર

ફૂલોની સુંદરતા આંખોને ઠારે છે. લાલ, લીલા, પીળા, ગુલાબી... કલર ચાર્ટના કલર પૂરા થઈ જાય એવા રંગબેરંગી પુષ્પો આપણી આસપાસ જોવા મળે છે. ફૂલો તાજગીની નિશાની, સુંદરતાનુ પ્રતિક છે અને ખુશ્બોનો ખજાનો છે. ભરપૂર વરસાદી સિઝન બાદ શહેરમાં ઠેર ઠેર પુષ્પો ખીલી ઉઠ્યા છે. સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં બનાવવામાં આવેલ ઔષધવનમાં સોળેકલાએ ખીલી ઉઠેલા સુરજમુખીના ફૂલો મુલાકાતીઓને આકર્ષી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા મહેસુલી કર્મચારી મંડળે આજે અધિક નિવાસી કલેક્ટર હનુમંતસિંહજી જાડેજાને વર્ક ટુ રૂલ આંદોલન શરૂ કરવા અંગેનું આવેદન પત્ર આપ્યુ હતુ અને તેમના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે સરકારને મોકલી આપવા જણાવ્યુ હતુ તે પ્રસંગની તસ્વીર.

ચિલ્ડ્રન યુનિ.એ ગિફ્ટ સીટી નજીક ૧૦૦ એકર જમીનની માંગ કરી

અગાઉ ચિલ્ડ્રન યુનિ. માટે પ્રાંતિજની આસપાસ જમીન ફાળવવાની હિલચાલ કરવામાં આવી હતી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર નજીક આકાર પામેલ ગિફ્ટ સીટીની નજીકમાં ૧૦૦ એકર જમીન ફાળવવાની માંગ ચિલ્ડ્રન યુનિ. દ્વારા જિલ્લા તંત્રને કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ સમાન આ યુનિ.એ ૧૦૦ એકર જમીનની માંગણી કરી સૌને ચોંકાવી દીધા છે.

અગાઉ ચિલ્ડ્રન યુનિ. માટે પ્રાંતિજની આસપાસ જમીન ફાળવવાની હિલચાલ કરવામાં આવી હતી. આ પછી આખી વાત ફાઈલોમાં દબાઈ ગઈ છે.

હાલ ગાંધીનગર સે. ૨૦ ખાતે કાર્યરત યુનિ.એ હવે ગિફ્ટસીટી નજીક આ જમીન માંગી છે. આ દરખાસ્તને લઈ આખો અહેવાલ તંત્ર દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યો છે અને તે જિલ્લા કલેક્ટરને સોંપી દેવામાં આવ્યો છે.

આ માટે જિલ્લા લેન્ડ કમિટીમાં ચર્ચા થશે અને તે પછી રાજ્ય સરકારને રિપોર્ટ સાથે તે દરખાસ્ત મોકલવામાં આવશે અને સરકાર કક્ષાએ જ આ અંગેનો આખરી નિર્ણય લેવાશે તેમ જાણવા મળેલ છે.

ગ્રામીણ વિસ્તારોના દબાણને નિયમિત કરવા સર્વગ્રાહી નીતિ બનાવો

વિધાનસભાની પંચાયતી રાજ સમિતિની ભલામણ : સરકાર દ્વિધાઓ સાથે ધીમી ગતિએ હરકતમાં આવી છે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ ગામતળની જમીન પર વર્ષો જુના જે દબાણો પંચાયત કે અન્ય કોઈને નડતરરૂપ ન હોય તેવા દબાણો યોગ્ય ચાર્જ વસુલ કરીને નિયમિત કરી શકાતા હોય તો તે પ્રમાણે કરીને નિયમિત કરવા સંબંધમાં સર્વગ્રાહી નીતિ બનાવવાની ભલામણ કરી છે.

પંચાયતી રાજ સમિતિએ કરેલી આ ભલામણ પછી પંચાયત અને મહેસુલ વિભાગ લગભગ આમને-સામને આવી ગયા છે. જો કે સરકારે આ ભલામણને લઈ શું નિર્ણય કરવો તે અંગે હજુ દ્વિધામાં છે.

રાજયની ૧૪મી વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ તેના ચોથા અહેવાલમાં આ મહત્વની ભલામણ કરી છે. ભલામણ કરતાં પહેલા પંચાયત વિભાગના અધિકારીઓની આ માટે તપાસ કરી અને જવાબો પણ મેળવ્યા હતા.

આ અહેવાલમાં જણાવ્યું છે કે પંચાયત અધિનિયમ ૧૯૯૩ હેઠળ દરેક ગ્રામ પંચાયતને સ્થાનિક દબાણો દૂર કરવાની સત્તા છે. આ માટે દરેક જિલ્લામાં જરૂરી મહેકમ અને ગ્રાન્ટ પણ આપવામાં આવે છે.

સમિતિએ પંચાયત વિભાગના પ્રતિનિધિઓ સાથે રૂબરૂ ચર્ચા-વિચારણા પણ કરી હતી. આ પ્રતિનિધિઓએ જણાવ્યુ હતુ કે કેટલાક દબાણો ૩૦-૪૦ વર્ષ જુના છે. આવા દબાણો દૂર કરવા ખૂબ જ મુશ્કેલ છે. આ દબાણો દૂર કરવા માટે અઠવાડિક અને માસિક ધોરણે રિવ્યુ કરવામાં આવે છે. આવા દબાણો સરકારી ખર્ચે જ દૂર કરવામાં આવે છે આના માટે સરકાર ગ્રાન્ટ પણ આપે છે.

ગામતળમાં કરવામાં આવેલ દબાણ નિયમિત કરવાની જવાબદારી ટી.ડી.ઓ.ની છે. આવુ દબાણ નિયમિત કરવામાં આવે તો ગરીબ લોકોને ફાયદો

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના ૬ ગામો અમદાવાદમાં ભેળવવાની હિલચાલ

અમદાવાદમાં જિલ્લાના ૬ ગામો ભેળવવાની હિલચાલ બાદ પંચાયતનું રાજકારણ ગરમાયુ : પંચાયતોની ચૂંટણીને ટાળવાની સરકારની નીતિના સંકેતો સામે સ્થાનિક પંચાયતોમાં રોષની લાગણી : ગ્રામજનો પણ રોષે ભરાયા : રાજકારણ ગરમાયુ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના ઝુંડાલ, કોટેશ્વર, ચિલોડા-નરોડા, અમીયાપુર, સુઘડ, ભાટ જેવા ગામોને અમદાવાદ શહેરમાં ભેળવવામાં આવે તેવી દરખાસ્તને આજે અમદાવાદ કોર્પોરેશનની સ્થાયી સમિતિએ મંજૂરી આપતાં જ જિલ્લા પંચાયતની હાલની બેઠકોના પુનઃગઠન અંગેની અટકળોએ વેગ પકડ્યો છે.

આ ગામો અમદાવાદ શહેર સાથે ભેળવવાની દરખાસ્ત સામે સ્થાનિક પંચાયતો અને પંચાયતી રાજના આગેવાનોએ વિરોધ શરૂ કરી દીધો છે. હજુ સરકારમાં આ દરખાસ્ત વિચારણા માટે આવશે અને તેને જો મંજૂરી આપવામાં આવે તો ગાંધીનગર જિલ્લા પંચાયતના સીમાંકનમાં આમુલ પરિવર્તન કરવુ પડે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં એપ્રિલ મહિનાથી વસ્તી ગણતરીનું કામ શરૂ થઈ રહ્યું છે અને ૨૦૨૧માં તેના પરિણામો જાહેર થાય પછી પણ નવુ સીમાંકન કરવાનું થશે. આમ બે વર્ષમાં બે વાર નવેસરથી સીમાંકન કરવાની કામગીરી તંત્ર માટે પણ પડકારરૂપ બની શકે છે. કારણ કે ગાંધીનગર જિલ્લા પંચાયતની ચૂંટણી ૨૦૨૦માં થાય અને ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી ૨૦૨૧માં કરવાની છે.

આ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં હમણા કલોલ તાલુકાના ૧૨ ગામોને માણસામાં સમાવવાના નિર્ણયને કારણે કલોલ અને માણસા તાલુકા પંચાયતના સીમાંકનમાં પણ ફેરફારની નોબત આવી છે.

આ બધી પરિસ્થિતિને લઈ તંત્રમાં પણ ગણગણાટ શરૂ થયો છે. બીજુ અમદાવાદ શહેરમાં ચાંદખેડા મોટેરાના વિસ્તારને ભેળવ્યા પછી હજુ પંચાયત હસ્તકની ઘણી બધી સેવાઓનો ખર્ચ પંચાયતને જ ઉઠાવવો પડે છે અને તેને કારણે આર્થિક ભારણમાં હળવાશ આવી નથી કે ગ્રામજનોના પ્રશ્નો ઉપરથી વધુ અટવાઈને પડ્યા છે.

જિલ્લા પંચાયતનું નવેસરથી સીમાંકન કરવાનું કારણ આગળ ધરી સરકાર કદાચ પંચાયતોની ચૂંટણીને ટાળવા મોટ આવુ કરી રહી હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની છે.

અમદાવાદ એક માત્ર નહિ પણ અન્ય પાંચ મહાનગરપાલિકાઓની હદમાં વધારો કરવાની વાત છે આમ કરવાથી સરકાર પંચાયતોની ચૂંટણી ટાળવાની વ્યુહરચનામાં આગળ વધી રહી હોવાની વાતોએ જોર પકડ્યુ છે.

જો કે અમદાવાદ સહિતની પાંચ મનપાને સીમાંકન માટે નવી હદ સાથેની દરમાસાન્તે રજુ કરવાના સંકેતો અપાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના છ ગામ ભેળવવામાં સરકાર દુઃખે છે પેટ અને કૂટે છે માથુ : મંગુબેન પટેલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના છ થી વધુ ગામોને અમદાવાદ કોર્પોરેશનમાં ભેળવવાની થયેલી હિલચાલ સામે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલે ઉગ્ર વિરોધ કર્યો છે અને આ માટે સરકારમાં એક પત્ર લખી આ પ્રકારની કામગીરી પર રોક લગાવવાની માંગ કરી છે.

શ્રીમતી પટેલે જણાવ્યુ છે કે જિલ્લાના જે ગામો અગાઉ ભેળવવામાં આવ્યા છે ત્યાંના પ્રશ્નો ઉકલ્યા નથી પરંતુ વધી ગયા છે. તાજેતરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિમાં ગાંધીનગરના આરોગ્ય કર્મયોગીઓને ત્યાં જઈ કામગીરી કરવાની ફરજ પડી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે પ્રજાની સેવા નહિ પણ મતોની રાજનીતિને લઈ વિસ્તારોને ભેળવવા અને ભાગલા પાડ્યાની નીતિ અયોગ્ય છે. તેમણે કહ્યુ કે એક તરફ શહેરીકરણ વધતુ અટકે અને ગામડા સમૃદ્ધ બને તેવી વાતો કરતી સરકારની ખોટી અને પોકળ વાતો આ હિલચાલથી છતી થાય છે.

તેમણે એવો આક્ષેપ પણ કર્યો છે કે પંચાયતોની ચૂંટણીને ટાળવાની વ્યુહરચના સરકાર ભલે અપનાવતી હોય પણ ૨૦૨૦ની વસ્તી ગણતરી પછી નવા સીમાંકનને ટાળવા પણ આ પેતરા ઘડવામાં આવી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોના વિકાસમાં સરકારને રસ નથી પણ

● અનુસંધાન પાન-૭ પર

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com